# આસમાની રંગની ચુંદડી રે... માની ચુંદડી લહેરાય...



# પ્રધાનમંત્રી આવાસ યોજનાના લક્ષ્યાંકો નવેમ્બર પહેલાં સિદ્ધ કરવા કડક તાકીદ

## રાજ્યમાં હજુ ૭૫ હજાર મકાન બનાવવાના બાકી : સરકારે રોડમેપ તૈયાર કરી તંત્રને સોંપ્યો

ગાંધીનગર, તા. ૧૪

"હર ઘર કો છત"ના સૂત્રને સાર્થક કરી આગામી ચૂંટણીમાં જવાના સ્પષ્ટ સંકેતો વચ્ચે રાજ્યમાં પ્રધાનમંત્રી આવાસ યોજનાના લક્ષ્યાંક સિદ્ધિ ૩૦-૧૧-૧૮ સુધીમાં પૂર્ણ કરી દેવા માટે કડક તાકીદ રાજ્ય સરકારે કરી છે.

મળતી વિગતો પ્રમાણે સમગ્ર રાજ્યમાં ૭૫ હજાર જેટલા આવાસો હજુ બનાવવાના બાકી છે. સરકારે આ માટે આખો રોડમેપ પણ તૈયાર કરી અને દરેક જિલ્લાને આપી દીધો છે એટલુ જ નહિ આ માટે અધિકારીઓને જરૂરી માર્ગદર્શન પણ ખાસ બેઠક યોજી આપવામાં આવેલ છે.

બિનસત્તાવાર સૂત્રોમાંથી પ્રાપ્ત થતી વિગતો પ્રમાણે જિલ્લામાં ૧૦૦ જેટલા આવાસો પૂર્ણ કરવાના બાકી છે. આ માટે જિલ્લા તંત્રના અધિકારીઓની બેઠક પણ જિલ્લા ગ્રામ વિકાસ એજન્સી ખાતે યોજવામાં આવી હતી.

આવાસોના બાંધકામમાં પ્રગતિ આવે તે જોવા માટે સરકારે પણ ખાસ આગ્રહ કર્યો હોવાથી તંત્ર હવે દોડતુ થયુ છે.

કેટલાક જિલ્લાઓમાં તો લેન્ડ કમિટીની બેઠકો પણ નિયમિતરીતે થતી ન હોવાની વાતોથી સરકાર ચોંકી ઉઠી છે. આવાસ યોજનાના લક્ષ્યાંકો અંગે સરકાર અતિગંભીર બની છે.

સરકારે અગાઉ ઈન્દિરા આવાસ યોજના અંગેની જિલ્લાઓ પાસે વિગતો માંગી હતી એટલુ જ નહિ સરદાર આવાસ યોજનાના બાકી લાભાર્થીઓ અંગે સર્વે કરી અને અહેવાલ ૧૫-૧૦ સુધીમાં સુપ્રત કરવા કરેલી તાકીદ પછી હવે પ્રધાનમંત્રી આવાસ યોજનાના લક્ષ્યાંકની પૂર્તતા કરવા કરેલી તાકીદ એ બતાવે છે કે સરકાર હવે ગંભીર બની છે.

ઈન્દિરા આવાસ યોજના ૧લી જાન્યુ. ૧૯થી સંપૂર્ણ બંધ થશે જ્યારે સરદાર આવાસ યોજનાના બાકી લાભાર્થીઓએ પ્રધાનમંત્રી આવાસ યોજના અંતર્ગત આવરી લેવાની દિશામાં ગતિ હોવાના સંકેત આપે છે. દરમ્યાન પાટનગરના રાજકીય વર્તુળો જણાવી રહ્યાં છે કે "પૂર્ણ આવાસ" એ ચૂંટણી મુદ્દો બનાવવાનો હોવાથી સરકારે આ કવાયત વેગીલી બનાવી છે.

# વાયબ્રન્ટની વિગતો અંગે સરકાર પણ કાગળિયા લખી થાકી

## તંત્રની આળસ વચ્ચે આજે મુખ્યમંત્રી એમ.ઓ.યુ. બાબતે સમીક્ષા કરશે

ગાંધીનગર, તા. ૧૪

સરકાર કાગળિયા લખી લખી થાકી પણ તંત્રના બહેરા કાને વાત પહોંચતી જ નથી તે હકીકત હવે વાયબ્રન્ટ સમીટને લઈ સામે આવી છે.

રાજ્યના મુખ્યમંત્રી અને મુખ્ય સચિવ આજે ૨૦૧૩, ૧૫ અને ૧૭માં થયેલ એમ.ઓ.યુ.ના પ્રગતિની સમીક્ષા કરવાના છે. જો કે આઈ.એફ.પી. પોર્ટલ પર આ એમ.ઓ.યુ. અંગે વારંવારની સૂચનાઓ પછી પણ વિગતો અપડેટ કરવામાં આવતી ન હોવાની ગંભીર નોંધ સરકારે લીધેલ છે.

સમીક્ષા બેઠકો જે થઈ તેમાં આ માટેની સૂચનાઓ પછી પણ તંત્ર દ્વારા તેની કોઈ જ અમલવારી ના થઈ હોવાથી ઉદ્યોગ કમિશનરે પણ આ મુદ્દે નારાજગી વ્યક્ત કરી હોવાનું જાણવા મળેલ છે.

● અનુસંધાન પાન-૭ પર

# સે-૩ અને ૪ માં છેલ્લા ચાર દિવસથી ફોર્સથી પાણી ન આવતા આક્રોશ

ગાંધીનગર તા ૧૪

નગરના સે-૩ અને સે-૪ માં છેલ્લા ચાર દિવસથી પાણી ફોર્સથી ન આવતુ હોવાની ફરિયાદો ઉઠવા પામી છે. સેકટરોમાં નવરાત પર્વ દરમિયાન પાણી પુરતા ફોર્શથી ન આવતા સ્થાનિકોમાં રોષ ભભુકયો છે. એકબાજુ નવરાત પર્વની ઉજવણી ચાલી રહી છે. જયારે ગૃહીણીઓ દિવાળી સફાઈનુ કામ પણ કાઢ્યુ છે. આવા સંજોગોમાં ખરે તાકડે જ પાણીની પોકાર આકરી બની છે. જો કે સેકટર-૪ માં પાણીના બોરમાં ટેકનિકલ ક્ષતિ આવતા પાણીનો પ્રશ્ન ઉઠવા પામ્યો હોવાનુ પણ ધ્યાને આવ્યુ છે. જયારે સે-૩ માં પણ બોરના કેબલની ચોરીના લીધે પાણી ફોર્શથી ન આવતુ હોવાનુ સુત્રોએ જણાંવ્યુ છે. જો કે એકાદ દિવસમાં સમસ્યા હલ થઈ જશે.

શહેરમાં વર્ષ દરમિયાન અવારનવાર પાણીની પોકાર ઉઠવા પામે છે. સેકટરોમાં પુરતા ફોર્શથી પાણી ન આવતુ હોવાનો રોષ નાગરિકો ઠાલવી રહ્યા છે. જયારે હાલની સ્થિતિએ નવા સેકટરોમાં પાણી ફોર્શથી ન આવતુ હોવાનો રોષ ગૃહીણીઓએ વ્યકત કર્યો છે. સે-૩ અને સે-૪ માં પાણીની બુમ ઉઠવા પામી છે. છેલ્લા ચાર દિવસથી સેકટરોમાં પાણી ફોર્ષથી ન આવતા રોજબરોજ ગૃહીણીઓમાં પાણીની પોકાર ઉઠવા પામે છે. છેલ્લા ચાર દિવસથી આ બન્ને સેકટરોમાં પાણીનો ફોર્ષ ઘટી જતા રહીશો પાણીની બુમ પાડી રહ્યા છે. એકબાજુ નવરાત પર્વ ચાલી રહ્યુ છે. જયારે બીજીતરફ સેકટરોમાં ગૃહીણીઓ દિવાળી સફાઈમાં પણ વ્યસ્ત છે.

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના તમામ ઉભા-આડા રસ્તાઓ આસપાસ તેમજ સેન્ટ્રલ વર્જમાં સફાઇ

ગાંધીનગર તા ૧૪

શહેરમાં વરસાદી દિવસોના અંતે ચોમેર હરિયાળી નિખરેલી જોવા મળે છે. જયારે શહેરના વન આરક્ષિત વિસ્તાર તેમજ નગરના માર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ બિનજરૂરી વનસ્પતિ ઉગી નિકળી છે. વનતંત્ર દ્વારા સેન્ટ્રલ વર્જમાં આ સ્થિતિને ધ્યાને લઇ વીડીંગની કામગીરી હાથ ધરવામાં આવી છે. આગામી દિવાળી પુર્વે નગરના સાતેય ઉભા આડા રસ્તા વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં સફાઇ કરી દેવાશે.

શહેરમાં વરસાદી દિવસો દરમિયાન ઠેર ઠેર બિનજરૂરી વનસ્પતિ ઉગી નિકળતા સેકટરોમાં પણ જીવજંતુઓનો ઉપદ્રવ વધી ગયો છે. જો કે નવરાત મહોત્સવના આયોજનને અનુલક્ષી સેકટરોમાં શેરી સફાઇ કરી દેવાતા મોટાભાગે સફાઇ કરી દેવામાં આવી છે. પરંતુ નગરના મુખ્યમાર્ગો આસપાસ સ્થિત વોક વે ઉપરાંત વન આરક્ષિત જગ્યામાં પણ હરિયાળુ ઘાસ અને બિનજરૂરી વનસ્પતિ ઉગી નિકળી છે.નગરના મુખ્યમાર્ગો વચાળે સ્થિત સેન્ટ્રલ વર્જમાં પણ આ પ્રકારની સ્થિતિ જોવા મળી રહી છે. જેના લીધે ક્રોસ રોડ પર વાહનચાલકોન વિઝન પણ મળતુ નથી. આ સ્થિતિ વચ્ચે માર્ગ સલામતી પણ જોખમાઈ છે. આવા સંજોગોમાં આ ઠેકાણે યોગ્ય સફાઇ કરવામાં આવે તેવી પણ પ્રબળ માંગ ઉઠવા પામી છે. વોક વે ઉપર પણ વૃક્ષોની નમી પડેલી ડાળીઓ તેમજ બિનજરૂરી વનસ્પતિ ઉગી નિકળી છે. આ સ્થિતિને નિવારવા

## દિવાળી પુર્વે બિનજરૂરી વનસ્પતિ અને ઘાસ દુર કરવાની કામગીરી પુર્ણ કરી દેવાશે

● અનુસંધાન પાન-૭ પર

# માનવ વિકાસ સૂચકાંકના નિયત માપદંડોમાં ૪ ક્રમે જિલ્લો ગગડતાં જિલ્લાતંત્રમાં સન્નાટો

## ૧૪મા સ્થાનેથી ૧૮મા ક્રમે ધકેલાયો જિલ્લો : આરોગ્ય, શિક્ષણ, કૃષિ, સ્કીલ ડેવલપમેન્ટમાં પીછેહઠ થતાં જિલ્લા કલેક્ટર અને જિલ્લા વિકાસ અધિકારીએ સખ્ત નારાજગી વ્યક્ત કરી

ગાંધીનગર, તા. ૧૪

ગાંધીનગર જિલ્લો માનવ વિકાસ સૂચકાંકમાં ૪ ક્રમ ગબડી અને ૧૮મા સ્થાને પહોંચ્યો છે. જેમાં આરોગ્ય, કૃષિ, બેઝીક ઈન્ફ્રાસ્ટ્રક્ચર, સ્કીલ ડેવલપમેન્ટ, ફાયનાન્સ શિક્ષણ સેવાઓને ધ્યાને લેવામાં આવી છે.

જિલ્લો અગાઉ ૧૪મા ક્રમે હતો તે ગબડીને ૧૮મા સ્થાને આવ્યો છે. આરોગ્યની સેવાઓ વધુ કથળતાં આ સ્થિતિ સામે આવી હોવા સાથે અનિયમિત વરસાદને કારણે પાક-ઉત્પાદન પર પડેલી વિપરીત અસરો તેમજ મિશન વિદ્યાનું નબળુ પરિણામ જેવા કારણો જવાબદાર હોવાનું જાણવા મળેલ છે.

આરોગ્યની કથળેલી સેવાઓ અંગે તાજેતરમાં પેથાપુર નજીક ટીમ આરોગ્યના કાર્યક્રમમાં જિલ્લા વિકાસ અધિકારી હિતેશ કોયાએ પણ નારાજગી વ્યકત કરી હતી. આરોગ્ય સેવાઓમાં રાજ્યમાં જિલ્લાનો ક્રમ ૨૨મો આવ્યો છે. જે નિયત કરાયેલા માપદંડમાં સૌથી નીચો છે.

મળતી વિગતો પ્રમાણે કૃષિમાં ૧૭મા સ્થાને, શિક્ષણમાં ૧૪મા સ્થાને, સ્કીલ ડેવલપમેન્ટમાં ૧૭મા સ્થાને, ફાયનાન્સમાં ૧૫મા ક્રમે અને મૂળભૂત આંતર માળખાકીય સુવિધાઓમાં ૧૦મા ક્રમે જિલ્લો આવ્યો છે.

જિલ્લા કલેક્ટર લાંગાએ આ સંદર્ભએ જિલ્લાના અધિકારીઓની બેઠક પણ બોલાવી હતી અને કથળતી જતી આરોગ્ય સેવાઓ સહિતના મુદ્દાઓને લઈ શખ્ત નારાજગી વ્યક્ત કરી હતી.

આ બાબતોનું સી.એમ. ડેશબોર્ડ પર પણ નિયમિત મોનીટરીંગ કરવામાં આવી રહ્યુ છે તેથી જિલ્લાતંત્રમાં આ વાતને લઈ ઘેરા પ્રત્યાઘાત પડ્યા છે.

જિલ્લા કલેક્ટરે જે રીતે નારાજગી વ્યક્ત કરી અને જિલ્લા વિકાસ અધિકારીએ પણ જે રીતે નારાજગી વ્યક્ત કરી તેને લઈ આરોગ્યતંત્રમાં તો સન્નાટો છવાયેલો જોવા મળી રહ્યો છે. "સબ સલામત"ની વાતો વચ્ચે જે રીતે આરોગ્ય સેવાઓ કથળી છે તે પણ ચિંતાજનક છે. અગાઉ બીજો ક્રમ આ સેવાઓ માટે હતો પરંતુ તે કથળીને ૨૨મા

● અનુસંધાન પાન-૭ પર

# શહેરના શાકમાર્કેટ અને શોપિંગમાંથી ૧૦૫ કીલો પ્લાસ્ટીક જપ્ત કરાયુ

ગાંધીનગર તા ૧૪

ગાંધીનગરને પ્લાસ્ટીક મુકત કરવા માટે સમયાંતરે તંત્ર જાગે છે. આજે શહેરના શોપિંગ વિસ્તારમાંથી તંત્રની ટીમે ૧૦૫ કીલો પ્લાસ્ટીકની



બેગ્સ જપ્ત કરી હતી. પ્લાસ્ટીકના પ્રદુષણને ડામવા માટે કોથળીનો ઉપયોગ કરવા પર પ્રતિબંધ છે. પરંતુ શહેરના મોટાભાગના વેપારીઓ પ્લાસ્ટીકની કોથળીઓનો ઉપયોગ કરે છે. આજે તંત્રની ટીમે સે-૨૧ અને સે-૨૪માં ઝુંબેશ હાથ ધરી ૧૦૫ કીલો પ્લાસ્ટીક જપ્ત કર્યુ હતુ.

શહેરમાં દબાણ હટાવ ઝુંબેશ આટોપી લેવાયા બાદ હાલ મ્યુનિ તંત્રની ટીમ વેપારીઓ પાસેથી પ્લાસ્ટીક જપ્ત કરવાના કામે લાગી છે. નગરને પ્લાસ્ટીક મુક્ત કરવા માટે અત્યાર સુધી વેપારીઓ પાસેથી પ્લાસ્ટીક બેગ્સ જપ્ત કરવાથી આગળ કાંઇ થઇ શકયુ નથી. નગરને પ્લાસ્ટીક મુકત કરવા માટે કોથળીઓ જપ્ત કરતા તંત્ર દ્વારા સમયાંતરે સેકટરોના શોપિંગમાં ઝુંબેશ હાથ ધરી વેપારીઓને પ્લાસ્ટીક મુક્ત નગરની ઝુંબેશની યાદ અપવાય છે. પરંતુ હજુ આ મામલે કાંઇ નક્કર થઇ શક્યુ નથી. જેના લીધે સેકટરોમાં મોટાભાગની કોર્મશિયલ પ્રવૃતિમાં પ્લાસ્ટીકનો ઉપયોગ બિન્દાસ્ત અને બેફામ રીતે થાય છે. આજે તંત્રની ટીમ દ્વારા સે-૨૧માં શાકમાર્કેટ અને પુજાપાની દુકાનોમાં ઉપયોગમાં લેવાતા પ્લાસ્ટીકના જથ્થાને જપ્ત કર્યો હતો.સે-૨૧ માંથી ૭૦ કીલો પ્લાસ્ટીક જપ્ત કર્યુ હતુ. જેમાં પાન પાર્લર તેમજ પુજાપાની દુકાનોનો પણ સમાવેશ થયો હતો. આ દરમિયાન ભોંયરામાંથી પણ પ્લાસ્ટીક જપ્ત કરાયુ હતુ. આ ઉપરાંત સે-૨૪ માંથી પણ ૧૪ કીલો પ્લાસ્ટીકનો જથ્થો જપ્ત કરી તંત્રએ વેપારીઓ સામે કાર્યવાહી હાથ ધરી હતી.

ઈશ્વરકૃપા ટાયર સર્વિસ
ગાંધીનગર ખાતે સૌથી જુના અને જાણીતા
એપોલો/સીયેટ કંપનીના અધિકૃત વિક્રેતા
CEAT
BRIDGESTONE
તમામ સાઈઝના ઓરીજનલ ટાયર-ટ્યૂબ હાજર સ્ટોકમાં વ્યાજબી ભાવે મળશે
પ્લોટ નં. ૮૫૯, વિશ્વકર્મા શોપીંગ સેન્ટર, સરકારી લાઈબ્રેરીની બાજુમાં, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (દુ.) ૨૩૨૬૧૧૬૩, મો. : ૮૧૪૧૦ ૧૨૩૫૪, ૮૧૪૦૪ ૬૦૭૬૭

ઓથો. સ્ટોકિસ્ટ ગાંધીનગર ડીસ્ટ્રીક્ટ...
SANGHI CEMENT | KisaN | ashirvad | BENELAVE | DR. FIXIT | TATA STEEL • PIPES • SHEETS | ET TMT BARS Mazboot Bharat ki Pehchan
જગદીશ સ્ટીલ સ્ટોર્સ
પ્લોટ નં. ૧૬૯, પેટ્રોલ પંપની સામે, સેક્ટર-૨૧, ગાંધીનગર.
ફોન : (ઓ) ૨૩૨૨૧૨૧૪, ૨૩૨૨૬૦૦૮,
મો. ૯૮૨૪૨૩૭૦૦૮ (ઘર) ૨૩૨૬૦૯૫૬
શાખા :
સેક્ટર-૩ડી, ઘ-૨ સર્કલ પાસે, ઘ-રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૨૭૦૦૮, ૯૮૨૫૪૩૨૧૮૬
સેક્ટર-૨૬, ટાટા ચોકડી પાસે, કોલવડા રોડ, ગાંધીનગર.
ફોન : ૨૩૨૮૭૮૭૭
સિમેન્ટ, TMT (ISI) સ્ટીલ, સેનેટરી, હાર્ડવેર, કપચી, ગ્રીટ, મેટલ, PVC (કિસાન) ગ્રેપાઈપ (જીન્દાલ/ટાટા), ઈંટો, ટાટા પતરા, સિન્ટેક્ષ વોટર ટેન્ક, સોલાર તથા બિલ્ડીંગ મટીરીયલ્સ

www.capitaloffset.in
કેપિટલ ઓફસેટ®
AN ISO 9001:2008 Certified Company
મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ
રજિ. ઓફિસ : પ્લોટ નં. એલ-૮૦૧/૧, ૨, જી.આઈ.ડી.સી.
એન્જીનીયરીંગ એસ્ટેટ, સેકટર-૨૮, ગાંધીનગર. ફોન : ૦૭૯-૨૩૨૧૧૪૫૬, ૨૩૨૧૧૪૮૯
મો. : ૯૬૩૮૧૮૩૮૩૮, ૯૮૨૫૦ ૩૮૩૭૮, ૯૯૨૫૨ ૩૫૪૫૮,
E-mail : capitaloffsetgujarat@gmail.com
ઓફિસ : ૬૦૩ - ૬૦૪, ૬ઠ્ઠો માળ, હવેલી આર્કેડ કોમ્પ્લેક્ષ,
હોટલ હવેલીની પાસે, રાધે સ્વીટની ઉપર, સેક્ટર-૧૧, ગાંધીનગર
ફોન : ૦૭૯-૨૩૨ ૪૩૬૨૩, મો ૯૬૩૮૧ ૮૩૮૩૮, ૯૯૨૫૨ ૩૫૪૫૯
બ્રોશર, લીફલેટ, મેગેજીન, પત્રિકા, સોવિનિયર, વાર્ષિક અહેવાલ, ન્યુઝ લેટર તથા દરેક પ્રકારનું મલ્ટીકલર ઓફસેટ પ્રિન્ટીંગ તથા ગ્રાફિક્સ ડિઝાઈનીંગ

હવે, શહેરની મધ્યમાં...
The Flavours of Gujarati Traditional Snacks, Sweets & Street Food at
bansari TRADITIONAL
ભાતીગળ ભોજનનો આસ્વાદ
(A.C Restaurant)
MANAGED BY RUDRAKSH EVENT MANAGEMENT
Bansari Traditional
101, First Floor, Haveli Arcade, Near Hotel Fortune inn Haveli, Sector-11, Gandhinagar-382010. M. : 8871887150, M. : 8160053460

ગાંધીનગરમાં જાહેરાત માટેનું અસરકારક માધ્યમ
ગાંધીનગર સમાચાર
ફોન - ૨૩૨૨૨૫૭૧
ફોન - ૨૩૨૩૭૫૭૧

Govt. of India Regd. No. 38383 / 82 માલિક - પ્રકાશક - મુદ્રક : પ્રાર્થના પ્રકાશન વતી ભાસ્કર પ્રિન્ટીંગ પ્રેસ, બાવળા હાઈવે, ચાંગોદર ખાતે છાપ્યું, બ્લોક નં. ૬૮૪/૧, સેક્ટર-૮, ગાંધીનગર ખાતેથી પ્રસિદ્ધ કર્યું. તંત્રી : કૃષ્ણકાન્ત જહા. ફોન : ૨૩૨૨૨૫૭૧, ફેક્સ : ૨૩૨૩૦૫૭૧ E-mail : gandhinagarsamachar@gmail.com